# સાવિત્રી

## ખંડ ૧

## પર્વ ૧ થી ૩

# સાવિત્રી

## પર્વ ૧

## આરંભોનું પર્વ

## પ્રથમ સર્ગ

# પ્રતીકાત્મક ઉષા

### વસ્તુનિર્દેશ

આ સર્ગનો વિષય છે સત્યવાનના મૃત્યુદિનનું પ્રભાત. આ પ્રભાત છે પ્રતીકાત્મક. સૃષ્ટિનું આદિ પ્રભાત, વ્યષ્ટિ અને સમષ્ટિના અસ્તિત્વનો ઉષઃકાળ, અને કાળપાશમાંથી છૂટેલા સત્યવાનના અને એને છોડાવનારી સાવિત્રીના અવતારી કાર્ય માટે પરમ પ્રેમમાં એકરૂપતા પામેલા એમના માનવાત્માઓનું પૃથ્વીલોક ઉપરનું રોજનું હોય છે એવું એક પ્રભાત અદ્‌ભુત સુંદર પ્રકારે અહીં વર્ણવવામાં આવેલું છે.

સૃષ્ટિની પ્રલયરાત્રિ, અચિત્‌માં લીન આત્માની અજ્ઞાનરાત્રિ, અને પૃથ્વીલોકને અતલોના ઊંડા ઘેનમાં ઉતારી દેનારી રોજની ગાઢ રાત્રિનું અને તે રાત્રિને અંતે જે ચેતનાની જાગૃતિ આવે છે તેનું કવિએ ગહન અંધકાર જેટલી જ ગહન વાણીમાં અને મંત્રની લયવાહિતાભર્યા પ્રવાહમાં જે કાવ્યાલેખન કર્યું છે તેને મળતું વર્ણન વેદ સિવાય બીજે કયાંય ભાગ્યે જ મળી શકે.

નારદે ભાખેલો સત્યવાનનો મૃત્યુદિન આવ્યો છે, પણ આ અનિષ્ટનું ભાન સાવિત્રી સિવાય અન્ય કોઈનેય નથી. સાવિત્રીએ આ મર્મવેધક શૂળની વાત વહાલાંઓ આગળ પણ કરી નથી. એ એકલી જ આ વ્યથા હૃદયમાં ગુપ્ત રાખી રહી છે અને બહારથી બધું જ રોજિંદુ કાર્ય કરતી રહે છે. એનામાં રહેલું જગદંબાનું સત્ત્વ આસપાસના સર્વનો આશ્રય અને આશ્વાસન બનેલું હોય છે છતાં કોઈનેય એ દૈવી સત્તાનું ભાન નથી.

આમ સાવિત્રી માનવો વચ્ચે એક માનવ જેવી બનીને રહે છે અને પોતાની અંતર્વ્યથાને વિશ્વલોકની વ્યથાનો પોતાનો અંગત હિસ્સો સમજી શાંતિથી અને સ્વસ્થતાથી તે સહેતી જાય છે. જગતના ઉદ્ધારક બની આવેલા આત્માઓને જગતનો જે દંડ વેઠવાનો હોય છે તે એને પણ વેઠવો પડે છે.

છેવટે સત્યવાનના મૃત્યુનો દિવસ આવે છે અને સાવિત્રીનો દૈવી આત્મા પડદા પાછળથી આગળ આવી કાળની ને નિર્માણની સામે મક્કમપણે ખડો થાય છે.

જાગે છે દેવતાઓ તે પૂર્વની એ ઘડી હતી.
એકાકિની હતી રાત્રી શાશ્વતીના નિજાલયે,
ન 'તો દીપક કો તેમાં પ્રકટેલો પ્રકાશનો,
આગાહી આપતું ઘોર નિશાનું ભીમકાય ત્યાં
માનસ સ્તબ્ધ લંબાઈ કિનારી પર મૌનની
દિવ્ય એ ઘટનાકેરા માર્ગ આડે પડયું હતું.
નિર્નેત્ર રાત્રિના ઘેરા ચિંતાલીન પ્રતીકની
ગભીર ઘોર છાયામાં અશરીરી અનંતના
પારદર્શકતાહીન અભેદ્ય અંધ ગર્તનું
ભાન જોનારને હૈયે પ્રાયશઃ જાગતું હતું;
કો અગાધ મહાશૂન્ય વિશ્વે વ્યાપી ગયું હતું.
આદિમા ને અંત્ય, એ બે અભાવાત્મકતા વચે
શક્તિ કો એક જાગેલી નિઃસીમ પતિતાત્મની,
પોતે જ્યાંથી હતી આવી
તે અંધારા ગર્તકેરી સ્મૃતિને લાવતી મને,
ઉકેલ્યા ના જતા જન્મરૂપ ગૂઢ રહસ્યની
ને મર્ત્યતાતણી ધીરી પ્રક્રિયાની દિશાથી વેગળી વળી,
ને રિક્ત શૂન્યમાં અંત પોતાનો પામવા ચહ્યો.
તમોલીન સમારંભે વસ્તુજાતતણા થતું
તેમ અજ્ઞાતકેરી કો એક મૂક
નિરાકાર છાયા સરૂપતા ભરી,
વિના ભાન ક્રિયાકેરી આવૃત્તિ કરતી સદા,
લંબાવતી જતી નિત્ય સંકલ્પ નવ દેખતો,
અજ્ઞાન શક્તિના વિશ્વવ્યાપી ઘારણઘેનને
પારણામાં ઝુલાવતી,
સર્જનાત્મક જે નિદ્રાવસ્થામાં ક્ષોભ જાગતાં
પ્રજ્વળી ઊઠતા સૂર્યો,
અને જેની સુપ્તજાગ્રત ઘૂમરી
વહેનારી બની જાય આપણાં જીવનોતણી.
અવકાશતણી મોઘ મહાઘોર સમાધિ મધ્યમાં થઈ,

મન કે પ્રાણથી હીન એની રૂપરિક્ત તંદ્રામહીં થઈ,
આત્મરહિત પોલાણે છાયારૂપે ગોળ ને ગોળ ઘૂમતી,
ફેંકાયેલી ફરી પાછી સ્વપ્નોમાં ન વિચારતાં,
પોલાં ઊંડાણમાં ત્યક્ત આત્માને ને ભાવિને નિજ વીસરી
ચકરાતી જતી ધરા.

સંજ્ઞારહિત આકાશો
ઉદાસીન હતાં ખાલી અને નિઃસ્તબ્ધતા ભર્યાં.
પછી સળવળ્યું કૈંક અપ્રમેય તમિસ્રમાં;
અનામી ગતિ કોઈક, અવિચારિત કલ્પ કો,
આગ્રહી ને અસંતુષ્ટ, ઉદ્દેશ વણનો વળી,
અસ્તિત્વ ઇચ્છતું કૈંક, કિંતુ કેવી રીતે તે નવ જાણતું,
અચિત્‌ને ચીડવ્યું એણે અવિદ્યાને જગાડવા.
વેદના એક આવી ને ગઈ મૂકી નિશાની કંપને ભરી,
એણે એક પુરાણી ને થાકીપાકી અને અણપુરાયલી
આકાંક્ષાને સ્થાન આપ્યું, જે નિરાંતે પડી હતી
અવચેતનના એના ચંદ્રે વંચિત ગહ્વરે;
એણે માથું કર્યું ઊંચું,
વિલુપ્ત સ્મૃતિની બંધ આંખો ખેંચી
હતી ના તે જ્યોતિને અવલોકવા,
જેમ કોઈ ઢૂંઢવાને કરે યત્ન અતીત નિજ જાતને
ને પોતાની જ ઇચ્છાના પ્રેતને માત્ર ભેટતો.
એવું જાણે હતું કે આ શૂન્યકેરા અગાધમાં,
આખરી લયકેરા આ ઊંડા અંતરની મહીં,
હતું એક સ્મરંતું ના સત્ત્વ કોક છુપાયલું
હણાઈને દટાયેલા ભૂતકાળ પૂઠે રહેલ જીવતું,
શિક્ષા જેને થયેલી કે
બીજા નિષ્ફળતાયુક્ત જગમાં જીવતું થઈ
કરે એ પુનરારંભ યત્ન ને યાતનાતણો.
જ્યોતિને ઝંખતી 'તી કો અરૂપબદ્ધ ચેતના,
કોરું એક પૂર્વજ્ઞાન દૂર એવા

પરિવર્તનને માટે આકાંક્ષા રાખતું હતું.
ગાલે એક મુકાયેલી જાણે કો બાલ અંગુલી,
વસ્તુઓમાં અંતહીન જે જરૂર રહેલ તે
બેધ્યાન વિશ્વમાતાને હોય ના યાદ આપતી,
તેમ શિશુ અભીપ્સાએ ઘેરા બૃહતને ગ્રહ્યું.
ખબરે ન પડે તેમ ગાબડું ક્યાંક ત્યાં પડ્યું:
લોભાવે મરુ હૈયાને જેમ કોઈ સ્મિત સંદિગ્ધતા ભર્યું
તેમ લાંબી એક રેખા રંગકેરી આનાકાની બતાવતી
દેખાઈ કરતી ક્ષુબ્ધ દૂર ધાર
અંધકારે ગ્રસાયેલી નિદ્રાની જિંદગીતણી.
અસીમતાતણી પેલી પારથી હ્યાં આવેલી દેવતાતણી
આંખે વિદ્ધ કર્યાં વાચા વિનાનાં એ અગાધને;
સૂર્યની પાસથી આવી ચાર-રૂપે કાર્યાર્થે બાતમીતણા,
વિશ્વના તમસે ભારે અવસ્થાના વિરામમાં,
રુગ્ણ ને શ્રાંત એવા આ જગના ઘન ઘારણે,
લાગતું કે રહી છે એ શોધી એક
એકલા ને અનાથ ત્યક્ત આત્મને,
એટલો તો પડેલો કે ભૂમાનંદ ભુલાયલો
સ્મૃતિમાં આણવાને યે શક્તિમાન હતો ન એ.
મધ્યસ્થા એ થઈ ચિત્તવિહીન વિશ્વની મહીં,
અનિચ્છુ ચુપકીદીમાં થઈ એનો સંદેશો ભીતરે સર્યો,
ચેતના ને હર્ષકેરા સાહસાર્થે નિમંત્રતો,
પરાજિત કરી ભ્રાંતિમુક્ત હૈયું નિસર્ગનું,
જોવા ને જાણવાકેરી બળાત્કારે ફરી સંમતિ મેળવી.
સંકલ્પ એક રોપાયો અગાધ શૂન્યતામહીં,
જન્મી સંવેદના એક ઊંડાણોમાં તમિસ્રનાં,
કાળને હૃદયે એક સ્મૃતિ પ્રસ્ફુરિતા થઈ,
જાણે કે દીર્ઘ કાળથી
મર્યો પડેલ આત્મા કો પ્રેરાયો જીવવા ફરી:
પરંતુ વિનિપાતની

પછી વિસ્મૃતિ જે આવે તેણે ગીચોગીચ ત્યાં ખડકાયલી
ભૂંસી નાખી હતી સર્વે તકતીઓ અતીતની,
અને નષ્ટ થતું 'તું તે સર્વ પાછું ફરીથી રચવું પડે
ને જૂની અનુભૂતિઓ
સાધવાની રહી યત્ન એક્વાર ફરી કરી.
પ્રભુનો સ્પર્શ હોયે તો સર્વ સાધી શકાય છે.
અસ્તિ માટે માંડ માંડ જેની હિંમત ચાલતી
તે એક આશ રાત્રીની નિઃસહાય નિરીહતા
મધ્યે તસ્કરને પાયે છાનીમાની પ્રવેશતી.
ભીરુ ને સંશયગ્રસ્તા સહજા ચારુતાભરી,
અનાથીકૃત ને કાઢી મુકાયેલી નિવાસ નિજ શોધવા,
વિદેશીય જગે જાણે યાચતી આરજૂભરી,
ઠરવાનું નથી ઠામ એવી જ્યાં ત્યાં ભમનાર ચમત્કૃતિ
જેવી આભતણે દૂર ખૂણે એક ધીરા અદ્‌ભુત ભાવથી
યુક્ત આછી અંગચેષ્ટા થતી અભ્યર્થનાભરી.
રૂપને પલટો દેતા આગ્રહી એક સ્પર્શથી
રોમાંચિત થઈ માની ગયું કાળું સ્તબ્ધ નિશ્ચેષ્ટ તે બધું
અને સુંદરતાથી ને આશ્ચર્યમયતા થકી
પ્રદેશો પ્રભુના ક્ષુબ્ધ થઈ ગયા.
જાદૂઈ જ્યોતિના પાંડુવર્ણ એક ભમતારામ શા કરે
વિલાતી ક્ષણની કોરે કોરે ટમકતા રહી,
પ્રાંતરે ગૂઢતાતણા
સોનેરી ચોકઠામધ્યે, સજ્જ શુભ્ર મજાગરે,
દરવાજો સ્વપ્નકેરો ખુલ્લો થોડોક ત્યાં કર્યો.
ગુપ્ત વસ્તુ સમીપની
બારી બનેલ કો એક ખૂણો રુચિર જે હતો,
તેણે જગતના અંધ અમેય અવકાશને
બળથી દેખતો કર્યો.
અંધકાર ગયો હારી, ને અઢેલી ઢળેલ કો
દેવના દેહથી જામો સરે તેમ સરી ગયો.

પછી તો સૂર્ય પાસેથી ટપકીને ધાર જે આવતી હતી
તેને માટેય ભાગ્યે જ ફાટ ઝાંખી પૂરતી જેહ લાગતી,
તે મધ્ય થઈ રેલાયાં જ્વાળા ને દિવ્ય દર્શનો,
નિત્યનું અલ્પકાલીન એ પ્રતીક ઊર્ધ્વમાં ઊઘડ્યું ફરી.
અદૃષ્ટના મહાતેજતણી ઝલકથી ભરી,
મોહિની અણ-આંબેલા પારપાર અપારની,
સૃષ્ટિની ધ્રૂજતી ધારે ભભૂકી ભવ્ય ઊઠતી
અજ્ઞાત અમરાભાના સંદેશારૂપ શોભતી
ઉષાએ ભવ્ય રંગોનું આભામંડળ ત્યાં રચ્યું
ને કાળની ઘડીઓમાં રોપ્યું તેનું મહિમાબીજ વૈભવી.
ક્ષણકાલીન આવેલી દેવતા શોભતી હતીઃ
દિવ્યદર્શન આ ઊભું પળવાર
જિંદગીની પાતળી ધારની પરે,
ને ભૂના ચિંતતા ભાલ કેરી વાંકી રેખા ઉપર ઝૂક્યું.
ગૂઢાર્થ રંગના ચિત્ર-સંકેતે સમજાવતું
રહસ્યમયતાયુક્ત સુષમા ને મહામુદા,
આલેખી પંક્તિઓ એણે અર્થપૂર્ણ પુરાણની
આધ્યાત્મિક ઉષાઓનો મહિમા જ્યાં કથ્યો હતો,
વ્યોમપત્રે લખાયેલા જાજ્વલ્યમાન અક્ષરે.
છે આપણા વિચારો ને આશાઓ સૌ જેની સંકેત-જ્યોતિઓ,
પ્રાયઃ તે દિવસે તેનો આવિર્ભાવ દૃષ્ટિ આગળ ઊઘડયો;
અદૃશ્ય લક્ષ્યમાંથી કો મહાદીપ્તિ અકેલડી
નિઃસાર ધૂંધળા શૂન્યે પ્રક્ષિપ્તપ્રાય ત્યાં થઈ.
ખાલી વિશાળ વિસ્તારો એક વાર વળી ફરી
વ્યગ્ર કો પગલે થયા;
કેન્દ્ર અનંતતા કેરું - એવા એક
પ્રહર્ષપૂર્ણ શાંતિના
વદને સ્વર્ગને ખુલ્લું કરનારાં સનાતન
ઢાંકણોને ઉઘાડિયાં;
દૂરનાં પરમાનંદ ધામોમાંથી રૂપ એક સમીપમાં

લાગ્યું કે આવતું હતું.
શાશ્વતી ને પરીવર્ત વચ્ચે દૂતી બનેલ એ
નિયત ભ્રમણો તારાગણોનાં અવગુંઠતી
વિસ્તારો વચમાં ઝૂકી દેવતા સર્વ જાણતી,
ને જોયું સજ્જ છે એનાં પગલાં કાજ સૌ દિશો.
લીન આવરકે સ્વીય સવિતાને નિહાળવા
એકવાર કરી પૂઠે અરધો દૃષ્ટિપાત એ
કાર્યે અમર પોતાના ચાલી ચિંતનથી ભરી.
પૃથ્વીને પાસમાં લાગ્યો સંચાર અવિનાશનોઃ
વિરાટે તે પ્રતિ પ્રેરી નિજ નિઃસીમ દૃષ્ટિને,
જાગ્રત પ્રકૃતિશ્રોત્રે સુણ્યો એનો પદધ્વનિ,
ને સીલબંધ ઊંડાણો ઉપરે પથરાયલા
એના વિલસતા સ્મિતે
મૌનને ભુવનોકેરા ભભૂકંત બનાવિયું.
બધું નૈવેદ્ય ને ધર્મક્રિયારૂપ બની ગયું.
પૃથ્વી ને સ્વર્ગને જોડી રહેલી કો
કંપમાન કડી જેવી હવા હતી;
સ્તોત્ર વિશાળ-પાંખાળું યાજકીય મહાન માતરિશ્વનું
ઉદ્દ્ભવ્યું ને શમ્યું વેદિ-સ્વરૂપ ગિરિઓ પરે;
દૃષ્ટિને દર્શનો દેતા વ્યોમે ઉચ્ચ શાખાઓ પ્રાર્થતી હતી.
સંદિગ્ધ ધરણીકેરા મૂગા હૈયા પરે અહીં
અર્ધાલોકિત અજ્ઞાન આપણું જ્યાં ગર્તોની ધાર છે બન્યું,
પછીના પગલાનું યે નથી જ્યાં જ્ઞાન કોઈને,
શંકાની શ્યામ પીઠે જ્યાં છે સિંહાસન સત્યનું,
કો વિશાળ ઉદાસીન મીટ હેઠળ વ્યાપ્ત આ
યાતનાગ્રસ્ત સંદિગ્ધ પ્રયાસોના પ્રદેશમાં,
આપણાં સુખ ને દુઃખ જોતી તટસ્થ દૃષ્ટિથી,
ઢળેલી ભૂમિએ ધાર્યું રશ્મિ જાગૃતિ આણતું,
અહીંય દર્શનાલોકે ને તેજે ભાવિસૂચકે
સાધારણ અને અર્થહીન રૂપસમસ્તને

આભાથી અજવાળીને ચમત્કારી બનાવિયાં;
પછી તો દિવ્ય એ ભાવોદ્રેક ક્ષીણ બની ગયો,
વણમાગેલ એ મર્ત્ય સીમામાંથી સરી લુપ્ત થઈ ગયો.
પવિત્ર ઝંખના એક રહી એનાં પગલાંએ વિલંબતી,
મૃત્યુએ બદ્ધ હૈયાંની ધારણાશક્તિ બ્હારનું
કો એક પૂર્ણ સાન્નિધ્ય ને કો એક શક્તિકેરી ઉપાસના,
આશ્ચર્યમય આગામી જન્મની પૂર્વસૂચના
અવશિષ્ટ રહી ગયાં.
પ્રભુકેરી પ્રભા માત્ર સ્વલ્પ કાળ ટકી શકેઃ
માનુષી દૃષ્ટિને શોભા અધ્યાત્મ અજવાળતી,
દ્રવ્યના છદ્મરૂપને
રેખાંકિત કરે રાગાવેશથી ને રહસ્યથી,
દે ઉડાવી શાશ્વતીને કાળના એક સ્પંદને.
જન્મના ઊમરા પાસે જીવ કો જેમ આવતો
મર્ત્યોના કાળને કાળાતીતની સાથ જોડતો,
તણખો દેવતાનો એ ભીતરે જડતત્ત્વના
ભોંયરામાં થતો લીન, ને અચેતનતાતણી
ભૂમિકાઓમહીં એનું ઓજ લુપ્ત થઈ જતું,
તેમ એ ક્ષણજીવી ને જાદૂઈ જ્વલન-પ્રભા
રોજના ઊજળે વાએ અધુના ઓગળી ગઈ.
શમ્યો સંદેશ, સંદેશવાહકે ઓસરી ગયો.
અનન્ય એહ આહ્‌વાન, શક્તિ સાથીવિહીન એ
પરમોચ્ચ પ્રભાકેરા રંગ સાથ ચમત્કૃતિ
સંકેલી સંચર્યાં પાછા સુદૂર ગૂઢ કો જગેઃ
જોતી ના એ જરાકેય આપણી મર્ત્યતા પ્રતિ.
દેવકોટિતણાં કાજે સુષમા જે છે સ્વાભાવિક સત્તમા,
તે કાળે જન્મ પામેલાં નયનોની પરે અહીં
અધિકાર ન પોતાનો સમર્થિત કરી શકીઃ
અવકાશ-નિવાસાર્થે વધારે પડતું હતું
જે ગૂઢ-સત્યંતા કેરું શરીર મહસોતણું

તે હવે સર્વથા લુપ્ત વ્યોમમાંથી થઈ ગયું:
લેશે રહી ન વિરલા કૌતુકાત્મ ચમત્કૃતિ.
પાર્થિવ દિનની જ્યોતિ સર્વસાધારણા રહી.
શ્રમ-વિશ્રામના વારા વિનાની જિંદગીતણી
ધમાચકડને શોરે આંધળીભૂત ખોજના
ચક્રાવાઓતણું પાછું અનુધાવન આદર્યું.
એનાં એ પોતપોતાના
નિત્યકર્મે ગયા લાગી છલંગી સઘળા જનો;
ભૂમિ ને વૃક્ષના લોક હજારો તે ના પૂર્વદૃષ્ટિ દાખતી
તત્કાલીન પ્રેરણાને પરાધીન બની ગયા,
ને નેતા હ્યાં અને જેની બુદ્ધિ ના નિશ્ચયાત્મિકા,
જે એકલો જ તાકે છે ભાવિકેરા ઢાંકેલા મુખની પ્રતિ,
તે મનુષ્ય ઉઠાવી લે બોજો નિજ અદૃષ્ટનો.

જાજ્વલ્યમાન હોતાના સ્તવને સાથ આપવા
ત્વરમાણ થયેલી એ જાતિઓના સમૂહમાં
સાવિત્રી પણ જાગી ને દેખીતી રૂઢ રીતના
સૌન્દર્યથી પ્રલોભાઈ, ક્ષણજીવી પ્રમોદનો
એમનો જે હતો હિસ્સો તેને આપી વધામણી.
આવી 'તી શાશ્વતીથી જે તે સાથેની સગાઈને
લીધે એણે ન કૈં ભાગ લીધો આ ક્ષુદ્ર મોદમાં;
માનુષી ક્ષેત્રમાં એક વિદેશીય મહાબલી,
એવો અંતરમાં મૂર્ત્ત મહેમાન ન કો ઉત્તર આપતો.
જે સાદથી પ્રબોધાઈ માનવીનું મન ઊઠે છલંગતું,
ચિત્રવિચિત્ર આરંભે નિજ ઉત્સુક માર્ગણો,
કામનાની ભ્રાંતિ રંગપાંખોને ફફડાવતી,
તે સાદ હૃદયે એને પ્રવેશંતો વિદેશી મિષ્ટ સૂર  શો.
એને માટે ન 'તો કાલ-સંદેશ ક્ષણ-જ્યોતિનો.
આપણા અલ્પકાલીન માનવી માળખામહીં
બંદી બનેલ દેવોની એનામાં વેદના હતી,

હતો અમૃતનો આત્મા જિતાયેલો મૃત્યુથી વસ્તુજાતના.
પરાપ્રકૃતિનો એનો હતો આનંદ એકદા,
કિંતુ ના સ્વર્ણ સ્વર્ગીય વર્ણ એનો દીર્ઘકાળ ટકી શક્યો,
ભંગુર ભૂમિને પાયે રહી ઊભો શક્યો ન એ.
માનુષી દેહમાં એણે પોતા સાથે આણી જે શક્તિને હતી,
ઉદાત્ત ચેતનાયુક્ત બૃહત્તા, પરમા મુદા,
શાન્ત આનંદ જે એક આત્માકેરું ઐક્ય સૌ સાથ સાધતો,
પ્રહર્ષણતણાં દીપ્ત દ્વારોકેરી ચાવી આણેલ જે હતી,
ઊંડા કાળતણા ગર્ત પર સંબાધ ચાલતી
ભંગુર જિંદગીકેરી ક્ષુદ્રતાએ તેનો સ્વીકાર ના કર્યો.
સુખદુઃખતણા સ્રાવકેરી જેને જરૂર છે
તે પૃથ્વીની પ્રકૃતિએ
પ્રત્યાખ્યાન કર્યું એહ મૃત્યુમુક્ત પ્રહર્ષનુંઃ
અને અનંતાકેરી એ પુત્રીને એના દ્વારા અપાયલું
પ્રેમોદ્રેકતણું પુષ્પ સનિર્માણ સમર્પિયું.
મોઘ હાવે જણાયું એ બલિદાન મહોજ્જ્વલ.
મહત્તર નિજાત્મા જ્યાં આરોપાય ધરાતલે,
ને મર્ત્ય ભોમમાં સ્વર્ગ બનીને વતની રહે,
એ આશાએ સુસંપન્ન સમુદાર સ્વદિવ્યતા
વડે પ્રેરાઈને એણે લોકોને મુક્ત હસ્તથી
સ્વાત્મા ને આત્મસર્વસ્વ સમર્પિત કર્યાં હતાં.
પૃથ્વીકેરી પ્રકૃતિને સમજાવી
તેની પાસે રૂપાંતર સધાવવું
સાચે મુશ્કેલ કાર્ય તે;
સ્પર્શ શાશ્વતનો રૂડી રીતે ના મર્ત્યતા સહેઃ
વ્યોમ ને વહ્નિકેરું એ જે આક્રમણ આવતું
તેના વિશુદ્ધ ને દૈવી અસહિષ્ણુ સ્વભાવથી મર્ત્યતા ડરતી રહે.
દુઃખરહિત તેના એ સુખ સામે બબડાટ કર્યા કરે,
ને તે જે જ્યોતિ લાવે છે
તેને પ્રાયઃ ધિક્કારીને ધકેલી દૂર મૂકતી;

સત્યકેરા નગ્ન એના પ્રભાવથી
અને સર્વોચ્ચ જે એનો શબ્દ તેની શક્તિ ને માધુરી થકી
રહે છે એ પ્રકંપતી.
શિખરો પર ગર્તોનાં ધારાધોરણ લાદતી
પોતાને કીચડે મેલા બનાવી દે દૂતોને દેવલોકના:
ઉદ્ધારક કૃપાકેરા કરો સામે બચાવમાં
ભ્રષ્ટ સ્વભાવના એના સામે એ કંટકો ધરે;
પુત્રોને પ્રભુના ભેટે મૃત્યુ ને યાતના લઈ.
પૃથ્વીનો પટ આક્રાંત કરી દેતી વૈદ્યુતી દ્યુતિ જેમની,
અજ્ઞાન માનસો દ્વારા તમોગ્રસ્ત બની જઈ
વિલુપ્ત જેમના થાયે વિચારો સૂર્યના સમા,
વિશ્વાસઘાત જેઓના કાર્યકેરો થતો, અને
અનિષ્ટે પલટો પામી જેઓનું શુભ સૌ જતું,
તાજના આપનારા જે બદલામાં વધસ્તંભ વહોરતા,
તે પ્રભાવી નામ માત્ર મૂકી પૂઠે વિદાય લે.
આવે કો અગ્નિ, સ્પર્શીને માનવી ઉર જાય એ;
કેટલાએક એ સ્પર્શે જ્વલંતાત્મ બની જઈ
આરોહણો કરી ઊંચે પહોંચ્યા છે મહિમાવંત જીવને.
સાવ ન્યારી જગતથી
આવી 'તી એ સાહ્ય ને ત્રાણને લઈ,
એનું માહાત્મ્ય બોજા શું દાબતું 'તું હૈયું અજ્ઞાન લોકનું,
ને એ હૈયાતણી ઊંડી કરાડોથી
ઊભરીને બદલો ઘોર આવતો,-
અંશ એના શોકનો ને મંથનોનો
ને એના વિનિપાતનો.
રહેવું શોકની સાથે ને પોતાને
માર્ગે સામી કરવી ભેટ મૃત્યુની,
એ જે મર્ત્યતણે ભાગ્યે તે અમર્ત્યતણાયે ભાગ્યનું બન્યું.
આમ એ સપડાયેલી સકંજાની મધ્ય પાર્થિવ ભાવિના,
કસોટીની ઘડીકેરી પ્રતીક્ષા કરતી હતી,

બહિષ્કૃત બની ’તી એ સહજાત સુભાગ્યથી,
જગજીવનનો જામો તમોગ્રસ્ત કબૂલતી,
જેમને એ હતી વ્હાલી તેમનાથી પણ જાત છુપાવતી,
વધારે મહિમાવંતી બની દેવી માનુષી દૈવયોગથી.
જે સૌકેરો સિતારો ને આશરો એ બની હતી
તેમનાથીય એહને
અળગી રાખતું એક સાંધકાર પૂર્વજ્ઞાન ભવિષ્યનું;
પોતાનાં ભય ને દુઃખ બીજાંને ના આપવા ઈચ્છનાર જે
માહાત્મ્ય તે હતું એનું, ને તેથી એ આગામી નિજ દુઃખને
પોતાનાં દીર્ણ હૈયાનાં ઊંડાણોમાં સંઘરી રાખતી હતી.
અંધ તજાયલાંઓની પરે નજર રાખતું
જેમ કોઈ ઉપાડી લે બોજો અજ્ઞાન જાતિનો,
તેમ આશ્રય આપીને છે એણે એક શત્રુને
નિજ હૈયું ખવાડીને પોષવાનો રહ્યો હતો,
કાર્ય આ કોઈ ના જાણે,
ને ના જાણે દૈવ જેનો સામનો એ કરી રહી,
ન એને કોઈની સાહ્ય, તોય એણે અનાગત નિહાળતી
દૃષ્ટિએ ડરવાનું ને ભીડવાનુંય હામથી.
જાણેલું બહું પ્હેલાંથી પ્રાણલેણ પ્રભાત હ્યાં
આવ્યું, મધ્યાહ્નને લાવ્યું રોજ જેવા જ લાગતા.
કેમ કે પ્રબળે માર્ગે પોતાને પ્રકૃતિ જતી
ખંડાતા જીવ કે જાનકેરી ના પરવા કરે;
છોડી હણાયલાં પૂઠે આગે એ પગલાં ભરેઃ
લક્ષ્યમાત્ર જ ખેંચાતું તે પ્રત્યે માનવીતણું,
ને સર્વનેય જોનારી આંખોનું ભગવાનની.
એના અંતર-આત્માની નિરાશાનીય આ ક્ષણે,
મૃત્યુ ને ભય સાથેના ઘોર સંકેતને સ્થળે
એના ઓઠ થકી એકે ચીસ ના બ્હાર નીકળી,
નીકળ્યો ના પોકારે સાહ્ય માગતો;
કહ્યું ના કોઈને એણે રહસ્ય નિજ દુઃખનુંઃ

મુખમુદ્રા હતી એની શાંત શાંત,
અને એને રાખી અવાક હિંમતે.
છતાં બાહ્ય સ્વભાવે જ પોતાના એ સ્હેતી ને મથતી હતી;
એની માનુષતા સુદ્ધાં અર્ધ દિવ્યગુણી હતી;
આત્મા એનો ઊઘડયો 'તો ભૂતમાત્રે રહેલા આત્મની પ્રતિ,
એની પ્રકૃતિને વિશ્વ-પ્રકૃતિ સ્વીય લાગતી.
અળગી અંતરે રૂહેતી જીવનો એ સર્વેયે ધારતી હતી;
નિરાળી તો ય પોતામાં વહેતી વિશ્વલોકને:
એની ને વિશ્વની મોટી બીક એક બની હતી;
એના બળતણો પાયો વિશ્વની શક્તિઓ હતી;
જગદંબાતણો પ્રેમ, પ્રેમ એનોય એ હતો.
મહાસંકટ પોતાનું જેનું અંગત ચિહ્ન છે,
તે દુઃખી જિંદગીકેરા મૂળમાં જે અનિષ્ટ છે,
તેની સામે ધરી એણે પોતાની યાતનાતણી
રહસ્યમયતાયુક્ત તેજીલી તલવારને.
મન એકલવાયું ને હૈયું વિશ્વવિશાળ છે,
એવી એ વણબંટાયા એકાકી અમરાત્મના
કાર્ય માટે ખડી થઈ.
પ્હેલાં તો ભારથી લાધ્યા હૈયે એના પ્રાણ સંતપ્ત ના થયો;
પૃથ્વીની આદિ નિદ્રાના અંકમધ્યે આરામે એ ઢળ્યો રહ્યો,
બેભાન એ વિસર્જાઈ ગયો 'તો સ્મૃતિનાશમાં,
મનકેરી કિનાર પે
નિશ્ચેષ્ટ, પથરા શો ને તારા શો સ્થિરતા ભર્યો.
ભુવનદ્વય વચ્ચેની ઊંડી એક મૌનકેરી કરાડમાં,
ચિંતાએ ન વહેરાતી ઢળેલી એ રહી દૂરસ્થ દુઃખથી,
અહીંના શોકકેરું ના કશુંયે યાદ આણતી.
પછી મંદ અને મોળી, છાયા શી સ્ફુરતી સ્મૃતિ,
ને સનિઃશ્વાસ છાતીએ સ્થાપ્યો એણે સ્વહસ્તને,
ને પિછાની પ્રલંબાતી વેદના અંતરંગ ત્યાં,
ઊંડી સુસ્થિર ને જૂની, ને સ્વસ્થાને સ્વાભાવિક બનેલ જે,

કિંતુ જાણ્યું ન કાં એ ત્યાં, ને આવી ક્યાંથકી હતી.
મનને દીપ્તિ દેનારી હતી શક્તિ હજીયે સંહરાયલીઃ
મુદાના મ્હેનતાણાના વિનાના કામદાર શા
હતા બેદિલ ને સુસ્ત સેવકો જિંદગીતણા;
દીપિકા ઇન્દ્રિયોકેરી બળવાનું નકારતી;
સાહ્યવંચિત મસ્તિષ્ક મેળવી ના શકતું સ્વ-અતીતને.
સૃષ્ટિ-સ્વભાવ સંદિગ્ધ ધારી દેહ રહ્યો હતો.
ઊઠી સળવળી હાવે એ, અને ભાર વિશ્વનો
પોતાના ભાગનો લેતું માથે જીવન એહનું.
નિઃશબ્દ દેહના સાદે બોલાવાયેલ એહનો
આત્મા પાછો ફર્યો દૂર ઊડતો તેજ પાંખથી,
ને ધૂંસરી ધરી પાછી અવિદ્યા ને અદૃષ્ટની
આરંભ્યો શ્રમ ને લીધો ભાર મર્ત્ય દિનોતણો.
ને નિદ્રાના ઓસરંતા સાગરોને મહાપટે
ચિત્રવિચિત્ર સંજ્ઞાનાં સ્વપ્નની સૃષ્ટિમાં થઈ
પાડયો માર્ગ પ્રકાશનો.
એના પ્રકૃતિના સદ્મે લહ્યો ગૂઢ પ્રભાવ કો,
અંધારા જિંદગીકેરા ઓરડાઓ દીપ્ત આશુ બની ગયા,
હોરાઓની દિશા પ્રત્યે સ્મૃતિનાં દ્વાર ઊઘડયાં,
ને એનાં બારણાં પાસે આવી પ્હોંચ્યા શ્રાંત પદ વિચારના.
એની પાસે પાછું બધુંય આવિયુંઃ
પૃથ્વી, પ્રેમ અને સર્વનાશ-જૂના વિવાદકો
ભીમકાય વળ્યા એને ઘેરી કુસ્તી કરતા રાત્રિને વિષેઃ
દેવતા જન્મ પામેલા તમોગ્રસ્ત અચેતથી
મથનો-બથનો-દૈવી વ્યથાની પ્રતિ જાગતા,
અને ભભૂક્તા એના હૈયાની છાયની મહીં,
કાળા કેન્દ્રે મહાઘોર મચેલી તકરારના,
વારસ પૃથિવીગોલકેરી દીર્ઘ વ્યથાતણો,
અનાશ્વાસિત ઊંડેરા ગર્તનો પરિપાલક,
સ્તબ્ધ પાષાણ શી મૂર્ત્તિ ઉદાત્ત દિવ્ય દુઃખની,

તાકી રહેલ આકાશે ઉદાસી સ્થિર નેત્રથી—
નેત્ર જે દુઃખની જોતાં કાલહીન અગાધતા,
ના લક્ષ્ય જિંદગીતણું.
સંતાપ પામતો સ્વીય નિષ્ઠુરા દિવ્યતાથકી,
સ્વ-સિંહાસન શું બદ્ધ, એનાં અણઢળાયલાં
રોજનાં અશ્રુઓકેરા અર્ઘ્યની એ વાટ જોતો અસાન્વિત.
માનવી જિંદગીકેરો ક્રૂર પ્રશ્ન ફરીથી જીવતો થતો.
અમૃતાનંદને પૃથ્વી દુઃખ ને કામનાતણું
બલિદાન સમર્પે જે તે સનાતન હસ્તની
છાય નીચે આરંભાઈ ગયું ફરી.
જાગેલીએ સહી એણે ક્ષણોકેરી આગેકૂચ અડાઅડી,
કરી નજર આ લીલા, હસતા ને જોખમી જગની પરે;
સજીવ વસ્તુઓકેરો મૂઢ પોકાર સાંભળ્યો.
ક્ષુલ્લક ધ્વનિઓ મધ્યે એની એ દૃશ્યભોમમાં
કાળ ને દૈવની સામે આત્મા એનો ખડો થયો.
નિજમાં નિશ્ચલા એણે એકત્ર શક્તિને કરી.
હતો દિવસ આ નિશ્ચે મૃત્યુનો સત્યવાનના.

પ્રથમ સર્ગ સમાપ્ત